શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૬

# શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર

ણાયધમ્મકહા–જ્ઞાતાધર્મકથાસૂત્ર છટ્ઠું અંગસૂત્ર છે. તેના ૧૯ જ્ઞાત એટલે પ્રસિધ્ધ ઉદાહરણ રૂપ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાના દશ વર્ગ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં કેટલીક કથાઓ પૂર્વે થઈ ગયેલી ઐતિહાસિક વ્યકિતઓના જીવનચરિત્રનું કથન કરતી સત્યકથાઓ અને કેટલીક કથાઓ દષ્ટાંત કે રૂપક રૂપે સર્જન કરેલી કાથાઓ છે. બીજા શ્રુતસ્કંધમાં જીવનચરિત્ર રૂપ ઘટનાઓ જ છે. આ બંને પ્રકારની કથાઓનો ઉદ્દેશ્ય પ્રતિબોધ આપવાનો છે.

## અધ્યયન – ૧ : ઉત્ક્ષિપ્ત

આ અધ્યયયનમાં શ્રેણિકરાજાના સુપુત્ર અને ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય મેઘકુમારમુનિના પૂર્વના ત્રણ ભવનું અને ભાવિના બે ભવનું વર્ણન છે.

**સુમેરુપ્રભ હાથીનો ભવ** – મેઘકુમારનો જીવ પૂર્વના ત્રીજા ભવમાં શ્વેતવર્ણી સુમેરુપ્રભુ નામનો હાથી હતો. એકવાર જંગલમાં દાવનળ ફેલાયો. પ્રાણીઓ પોતાની પ્રાણરક્ષા માટે દોડાદોડ કરવા લાગ્યા. હાથી પણ દોડીને

ભાગ્યો અને દાવાનળમાંથી તો ઉગરી ગયો પરંતુ ભૂખ્યો-તરસ્યો તે હાથી તળાવમાં ઉતરવા જતાં કાદવમાં ફસાઈ ગયો. તે સમયે એક યુવાન હાથીએ પૂર્વવેરથી પ્રેરાઈને સુમેરુપ્રભ હાથી ઉપર પોતાના દંતશૂળ વડે જીવલેણ પ્રહારો કર્યા. આ પ્રહારોથી સાત દિવસ અત્યંત વેદના ભોગવી સુમેરુપ્રભ હાથીએ આયુષ્ય પૂર્ણ કર્યું.

**મેરુપ્રભ હાથીનો ભવ** – સુમેરુપ્રભ હાથીએ મૃત્યુ પામીને પુનઃ રકતવર્ણી મેરુપ્રભ હાથી રૂપે જન્મ ધારણ કર્યો. એકાદા જંગલમાં દાવાનળ પ્રગટયો. આખું જંગલ ભડભડ બળવા લાગ્યું. આ દાવાનળને જોતાં જ મેરુપ્રભના ચિત્તમાં ઉહાપોહ થવા લાગ્યો કે 'મેં આવું કાંઈક જોયું છે' અને તેને પૂર્વભવનું સ્મરણ તાજું થયું અર્થાત જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. દાવાનળ શાંત થઈ ગયો, મેરુપ્રભે દાવાનળ સમયે રક્ષણ થાય, તે માટે એક વિશાળ જગ્યા પસંદ કરી, તેમાંથી ઝાડને ઉખેડી-ઉખેડી દૂર ફેંકી દીધા અને એક સ્વચ્છ ગોળાકાર મેદાન (માંડલું) તૈયાર કર્યું. તે દર વર્ષે ચોમાસા પછી તે માંડલાને સાફ કરી નાંખતો. ૪-૫ વરસ પછી ગ્રીષ્મઋતુમાં જંગલમાં પુનઃ દાવાનળનો પ્રકોપ થયો.

જંગલના પશુ-પક્ષીઓ આ માંડલાના આશ્રયે આવવા લાગ્યા. મેરુપ્રભ હાથી માંડલામાં જગ્યા કરી ઊભો રહી ગયો. જાતિવેર ભૂલી બધા પશુઓ એક સાથે માંડલામાં ઊભા હતા. અચાનક મેરુપ્રભ હાથીના શરીરે ખંજવાળ ઉપડી અને શરીરને ખંજવાળવા તેણે એક પગ ઊંચો કર્યો. ખીચોખીચ ભરેલા તે માંડલામાં પ્રાણીઓના ધક્કાથી એક સસલું તે ખાલી જગ્યામાં ગોઠવાઈ ગયું. મેરુપ્રભ પગ નીચે મૂકવા ગયો, ત્યાં તેણે સસલાને જોયું. તેને સસલા ઉપર અનુકંપા આવી અને ઊંચે ઉપાડેલો પગ અદ્ધર જ રહેવા દીધો. વજનદાર શરીર, ત્રણ પગ ઉપર સંતુલન જાળવવું મુશ્કેલ હોવા છતાં પરહિત કાજે પોતાની અનુકૂળતાનો ત્યાગ કરી, અપાર કષ્ટ વેઠી, અઢી દિવસ સુધી પગને ઉપર ઉપાડેલો જ રાખ્યો. પ્રાણીઓ પ્રતિ અનુકંપાના પરિણામે મેરુપ્રભ હાથીનો સંસાર અલ્પ થયો. તે પરિત્તસંસારી બની ગયો.

અઢી દિવસે દાવાનળ શાંત થયો. પશુઓ માંડલાની બહાર નીકળવા લાગ્યા. સસલું ત્યાંથી ચાલ્યું ગયું. મેરુપ્રભ હાથી પગ નીચે મૂકવા ગયો, પરંતુ પગ જકડાઈ ગયો હોવાથી તે પડી ગયો ત્રણ દિવસ

ભૂખ-તરસની વેદના અને પીડા સાથે તે મૃત્યુ પામ્યો.

**મેઘકુમારનો ભવ** – મેરુપ્રભ હાથીનો જીવ રાજગૃહી નગરના રાજા શ્રેણિકની મહારાણી ધારિણીની કુક્ષીમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. માતાને વરસાદમાં વનવિહાર, વનક્રીડા કરવાનો દોહદ ઉત્પન્ન થયો. અભયકુમારે દેવની આરાધના દ્વારા અકાળે મેઘાડંબર, વર્ષાનું વાતાવરણ સર્જાવી, માતાનો દોહદ પૂર્ણ કરાવ્યો. યથા-સમયે મહારાણીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ મેઘકુમાર રાખવામાં આવ્યું. યુવાવયમાં આઠ કન્યાઓ સાથે લગ્ન થયા. એકાદા રાજગૃહ નગરમાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. તેમની દેશના સાંભળીને, મેઘકુમારનો આત્મા જાગૃત થઈ ગયો. માતા-પિતાની આજ્ઞા લઈ મેઘકુમારે દીક્ષા અંગીકાર કરી.

દીક્ષાની પ્રથમ રાત્રે સૂવા માટે નાના-મોટાના ક્રમથી મેઘમુનિની પથારી દરવાજા પાસે થઈ. રાત્રે સ્વાધ્યાય માટે બહાર જતાં-આવતાં સાધુના પગનો સ્પર્શ મેઘમુનિના હાથને, પગને, મસ્તકને થતો રહ્યો અને તેઓ આખી રાત સૂઈ ન શકયા. ફૂલની શય્યામાં પોઢનારા મેઘમુનિની રાત અતિ કષ્ટમાં પસાર થઈ. રાત્રે

મેઘમુનિએ ભગવાનની આજ્ઞા લઈ સંયમ છોડી રાજમહેલમાં પાછા જવાનો વિચાર કરી લીધો અને સવાર થતાં તે પ્રભુ પાસે પહોંચી ગયા. ત્રિકાળજ્ઞાની પ્રભુએ મેઘમુનિના મનોગત ભાવોને જાણી લીધા અને પૂર્વભવમાં તેણે સહન કરેલી અપાર વેદનાનું વર્ણન કર્યું. તે સાંભળતા જ મેઘમુનિને જાતિસ્મરણજ્ઞાન થયું. હાથીના ભવમાં સસલાની અનુકંપાથી ભોગવેલી વેદનાનું સ્મરણ થયું અને તેઓ સંયમમાં સ્થિર બની ગયા. તત્પશ્ચાત્ તેઓએ સંયમ-તપની સાધના કરતાં ભિક્ષુની બાર પ્રતિમાઓ, ગુણસંવત્સર તપની આરાધના કરી. અંતે શરીર અને કષાયને કૃશ કરી એક માસના સંથારા દ્વારા દેહનો ત્યાગ કર્યો. તેઓ પ્રથમ અનુત્તરવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય. ત્યાનું આયુષ્યપૂર્ણ કરી, મેઘકુમારનો આત્મા મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યભવ પ્રાપ્ત કરી, મોક્ષગતિને પ્રાપ્ત કરશે.

ઉત્ક્ષિપ્ત એટલે ઉપર, ઉંચે ઉપાડવું, મેરુપ્રભહાથીએ પગ ઉપર રાખ્યો અને પરિત્તસંસારી બન્યો અથવા ઉત્ક્ષિપ્ત શબ્દનો અર્થ ઉંચક મન પણ થાય છે. મેઘમુનિ સંયમભાવમાં ઉંચક મનવાળા બની

ગયા હતા. તેમનું ચિત્ત સંયમભાવથી ઉખડી ગયું હતું. ભગવાને તેને સ્થિર કર્યા, તેથી આ અધ્યયનનું નામ ઉત્ક્ષિપ્ત છે.

## અધ્યયન – ૨ : સંઘાટ

રાજગૃહ નગરમાં ધન્યસાર્થવાહ અને ભદ્રા સાર્થવાહી રહેતાં હતાં. તેમને દેવદત્ત નામનો પુત્ર હતો. દેવદત્તને સાચવવા તેઓએ પંથક નામના દાસપુત્રને નિયુક્ત કર્યો હતો. એક વાર ઘણા અલંકારો પહેરાવેલા દેવદત્તને એકબાજુ બેસાડીને પંથક અન્ય બાળકો સાથે રમવામાં મશગૂલ બની ગયો. આ તકનો લાભ લઈ વિજયચોર દેવદત્તને ઉપાડી નગર બહાર ચાલ્યો ગયો અને ત્યાં તેણે તેના ઘરેણાં ઉતારી લીધા અને દેવદત્તને એક અવાવરૂં કૂવામાં નાંખીને, પોતે ગીચ ઝાડીમાં સંતાઈ ગયો.

દેવદત્તને શોધતાં–શોધતાં ધન્યસાર્થવાહ કોટવાળની સાથે કૂવા સમીપે આવ્યા. અવાવરૂં કૂવામાંથી દેવદત્ત મૃત અવસ્થામાં મળી આવ્યો અને ઝાડીમાંથી વિજયચોર મુદ્દામાલ સાથે પકડાઈ ગયો, તેથી તેને જેલમાં પૂરવામાં આવ્યો.

કાલક્રમે વ્યાપાર સંબંધી રાજ્યના નાનકડા ગુના

માટે ધન્યસાર્થવાહને પણ જેલમાં લાવવામાં આવ્યા અને વિજયચોર સાથે એક જ હેડ (બેડી)માં બાંધવામાં આવ્યા. ધન્યસાર્થવાહ માટે ઘરેથી ભોજન આવ્યું. ચોરે ભોજન માંગ્યું પણ સાર્થવાહે પોતાના પુત્રઘાતક ચોરને ભોજનમાંથી કાંઈ આપ્યું નહીં, તેથી ખીજાયેલા ચોરે મળ–મૂત્રના ત્યાગ માટે શેઠની સાથે ચાલવાની ના પાડી. એકજ બેડીમાં બંનેના પગ બંધાયેલા હોવાથી એકલા શેઠ જઈ શકે તેમ ન હતા. અંતે ભોજન આપવાની શરત માન્ય કરાવીને વિજયચોર સાર્થવાહ સાથે જવા તૈયાર થયો. ત્યારપછી ધન્યસાર્થવાહ પોતાના માટે આવેલા ભોજનમાંથી વિજયચોરને ભોજન આપવા લાવ્યા.

પુત્રઘાતક ચોરને સાર્થવાહ ભોજન આપે છે, તે જાણી પત્ની ભદ્રા પતિ ઉપર નારાજ થઈ ગઈ. સાર્થવાહ જેલમાંથી છૂટીને ઘેર આવ્યા, ત્યારે શેઠાણીએ નારાજગી પ્રગટ કરી. ધન્યસાર્થવાહે તેનું કારણ જણાવ્યું કે મળ–મૂત્રાદિ ત્યાગની ક્રિયા માટે જવામાં તેનો સહકાર મળી રહે, તે હેતુથી જ મેં ભોજન આપવાની તેની શરત માન્ય રાખી હતી. તે સાંભળી ભદ્રાના ચિત્તનું સમાધાન થયું. ધન્યસાર્થવાહે વિજયચોરનું પોષણ કરવા આહાર

આપ્યો ન હતો, પોતાને સહાયક બને, તે લક્ષ્યે આહાર આપ્યો હતો, તેમ સાધુ – સાધ્વી શરીરને પુષ્ટ બનાવવા કે વિષયસુખ માટે આહાર કરતાં નથી. તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં શરીર સહાયક બને, તે લક્ષ્યે આહાર કરે છે.

ભગવાને ધન્યસાર્થવાહ અને વિજયચોરના દૃષ્ટાંત દ્વારા સાધુ–સાધ્વીઓને આનાસક્તભાવે, માત્ર શરીર ટકાવવા આહાર કરવાની હિતશિક્ષા આપી છે. સંઘાટ એટલે જોડાણ. વિજયચોર અને સાર્થવાહનો સંઘાટ (જોડાણ) બેડીના આધારે થયો હતો, તેથી અધ્યયનનું નામ સંઘાટ છે.

## અધ્યયન ૩ : અંડક

ચંપાનગરીના સુભૂમિભાગ નામના ઉદ્યાનની ઉત્તર દિશામાં માલુકાકચ્છ નામનું વન હતું. તેમાં વનમયૂરીએ (ઢેલે) બે ઈંડા મુકયા હતા. નગરમાં રહેતા સાગરદત્ત પુત્ર અને જીનદત્તપુત્ર નામના બે સાર્થવાહ મિત્રો ગણિકા સાથે આ ઉદ્યાનમાં ક્રીડા કરવા આવ્યા. ફરતાં–ફરતાં તેઓ વનમાં પહોંચ્યા. તેઓએ ત્યાં મોરના ઈંડા જોયા, મોર પ્રાપ્ત કરવાની ઈચ્છાથી બન્ને મિત્રોએ

એક એક ઈંડુ લઈ લીધું અને પછી પોતાના ઘરે આવીને ઘરમાં રહેલા મરઘીનાં ઈંડા સાથે મોરનાં ઈંડા મૂકી દીધા. સાગરદત્તપુત્રને શંકા થઈ કે આ ઈંડામાંથી મોર પ્રાપ્ત થશે કે નહી ? આ ઈંડામા મોર હશે કે નહી ? તે જોવા તેણે ઈંડાને વારંવાર હલાવ્યું, ખખડાવ્યું, તેથી ઈંડું પોચું પડી ગયું અને તેને મોર પ્રાપ્ત ન થયો. મોર પ્રાપ્ત ન થવાથી તે ખેદ પામ્યો.

જીનદત્તપુત્રને ઈંડામાંથી મોર મળશે જ તેવી શ્રદ્ધા હતી, તેને શંકા ન થઈ, તેથી તેણે ઈંડાને હલાવ્યું કે ખખડાવ્યું નહીં, ઈંડાનું પોષણ થવા દીધું, તો તેને મોરનું બચ્ચું પ્રાપ્ત થયું. તેણે મોરના બચ્ચાને નૃત્યકળાની તાલીમ આપી. પોતાની ઈચ્છા પ્રમાણે નૃત્ય કરાવી, તે લાખોની હોડમાં વિજય મેળવતો રહ્યો.

આ પ્રમાણે જે સાધુ-સાધ્વી જિનપ્રવચન પ્રતિ શંકાશીલ બને છે, તે અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. જે સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા નિગ્રંથ પ્રવચન પ્રતિ શંકા રહિત રહે છે, તે સંસાર અટવીને પાર કરે છે. આ સંપૂર્ણ દૃષ્ટાંતનાં કેન્દ્રસ્થાને મોરનાં બે ઈંડા છે, તેથી અધ્યયનનું 'અંડક' નામ સાર્થક છે. આ રીતે અંડકના

દૃષ્ટાંત દ્વારા સૂત્રકારે જિનપ્રવચન પ્રતિ શ્રદ્ધાવાન રહેવાની હિતશિક્ષા આપી છે.

## અધ્યયન ૪ : કૂર્મ

વારાસણી નગરીના ઈશાનખૂણામાં મૃતગંગાતીર નામનો ધરો (પાણીનો ઉંડો ખાડો) હતો. તે ધરામાં ઘણા જલચર પ્રાણીઓ રહેતા હતા. આ ધરાની સમીપમાં ગીચ ઝાડીવાળો પ્રદેશ હતો. તેમાં અનેક પ્રાણીઓ રહેતાં હતાં.

એકવાર સંધ્યા સમયે તે ધરામાંથી બે કાચબા બહાર નીકળ્યા, તે જ સમયે ઝાડીમાંથી બે શિયાળો બહાર નીકળ્યા. શિયાળને જોઈને કાચબા ભયભીત બની ગયા. પોતાની સુરક્ષા માટે પોતાના હાથ, પગ, ડોક આદિ અવયવોને ઢાલમાં છૂપાવી દીધા. બન્ને શિયાળો ઢાલમાં સુરક્ષિત કાચબાને જરા પણ ઈજા પહોંચાડી શક્યા નહીં, તેઓ થોડે દૂર સંતાઈને ઊભા રહ્યા. ચંચળ પ્રકૃતિવાળા એક કાચબાએ થોડીવાર પછી ઢાલમાંથી એક પગ બહાર કાઢયો. બન્ને શિયાળોએ ઝપટ મારીને તે પગ ખાઈ ગયા. થોડીવાર પછી બીજો પગ કાઢયો. અને શિયાળો તેને પણ ખાઈ ગયા. આમ થોડી-થોડી

વારે તે અવયવો ઢાલમાંથી બહાર કાઢતો ગયો અને શિયાળો તે અવયવો ખાતા ગયા. અંતે શિયાળે તે કાચબાને મારી નાંખ્યો.

બીજા કાચબાએ પોતાના અંગો ઉપર સંયમ-નિયંત્રણ રાખ્યું. લાંબા સમય સુધી અંગોનું ગોપન કરી રાખ્યું. શિયાળો ચાલ્યો ગયા પછી તેણે પહેલાં ધીરેથી ગ્રીવા બહાર કાઢીને ચારેબાજુ નિરીક્ષણ કર્યું, વાતાવરણ ભયમુક્ત જાણી, એક સાથે ચારે પગ બહાર કાઢી શીઘ્ર ગતિએ ધરામાં પહોંચી ગયો. આ રીતે તે છેદન આદિથી બચી ગયો. જે શ્રમણ-શ્રમણીઓ ચંચળ કાચબાની જેમ ઈંદ્રિયોનું ગોપન કરતા નથી, તે અનેક વ્યકિતઓ દ્વારા નિંદનીય બને છે, પરલોકમાં દંડ મેળવે છે અને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. જે શ્રમણ-શ્રમણીઓ બીજા કાચબાની જેમ ઈંદ્રિયોને વશમાં રાખે છે, તે વંદનીય-પૂજનીય બને છે. પરલોકમાં તેને છેદન-ભેદન વગેરે દુઃખ ભોગવવા પડતા નથી અને તે સંસારને પાર કરી જાય છે. કૂર્મ એટલે કાચબાના દૃષ્ટાંતથી ભગવાને, સાધકને ઈંદ્રિયોના વિષયોથી, રાગ-દ્વેષથી ગોપવીને, સાધનાની રક્ષા કરવાની

હિતશિક્ષા આપી છે. આ દષ્ટાંતના કેન્દ્રસ્થાને કાચબો (કૂર્મ) હોવાથી આ અધ્યયનનું નામ કૂર્મ છે.

## અધ્યયન ૫ : શૈલક

આ અધ્યયનમાં ગુરુશિષ્યના સંબંધથી સંબંધિત થાવર્ચ્ચાપુત્ર અણગાર, તેનાં શિષ્ય શુક અણગાર અને તેના શિષ્ય શૈલક×અણગારના જીવનચરિત્રનું વણર્ન છે. તેમાં શૈલકમુનિના જીવનના આધારે સાધુ જીવનની પ્રમત્ત–અપ્રમત્ત અવસ્થાના ફળનું દર્શન કરાવ્યું છે, તેથી આ અધ્યયનનું 'શૈલક' નામ સાર્થક છે.

દ્વારકા નગરીમાં થાવર્ચ્ચા નામની સાધનસંપન્ન ગૃહસ્થ મહિલા રહેતી હતી. તેને થાવર્ચ્ચાપુત્ર નામનો પુત્ર હતો. તે ભગવાન અરિષ્ટનેમિની ધર્મદેશનાથી વૈરાગ્યવાન બન્યો. થાવર્ચ્ચા×માતા પુત્રના દીક્ષા–મહોત્સવ માટે છત્ર, ચામર વગેરે લેવા શ્રીકૃષ્ણ મહારાજા પાસે ગઈ. સંયમધર્મની અનુમોદના કરવા માટે શ્રીકૃષ્ણે તેનો સંપૂર્ણ દીક્ષામહોત્સવ કર્યો. તે સમયે શ્રીકૃષ્ણે જેને દીક્ષા લેવી હોય, તે બધાના સ્વજનોના પાલન – પોષણ, સંરક્ષણનું ઉત્તરદાયિત્વ સ્વીકારવાની ઉદ્‌ઘોષણા કરાવી, તેનાં પરિણામે ૧૦૦૦ પુરુષોએ થાવર્ચ્ચાપુત્ર સાથે દીક્ષા

અંગીકાર કરી.

એકદા થાવર્ચ્ચાપુત્ર અણગાર સૌગંધિકા નગરમાં પધાર્યા. શુકપરિવ્રાજકના શિષ્ય સુદર્શન શેઠ ત્યાંના નગરશેઠ હતા. તે થાવર્ચ્ચાપુત્ર અણગારનો ધર્મોપદેશ સાંભળવા આવ્યા. વિનયમૂલક ધર્મથી સંતુષ્ટ થઈ તેણે જિનધર્મ અને શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા. શુક પરિવ્રાજકને તે વાતની જાણ થતાં સુદર્શન શેઠને પોતાના બનાવી રાખવા તે સૌગંધિકાનગરમાં આવ્યા. થાવર્ચ્ચા અણગારને શુકપરિવ્રાજકે ઘણા પ્રશ્નો પૂછ્યાં. તેમના પ્રત્યુત્તરથી પ્રભાવિત બની શુકપરિવ્રાજકે પોતાના ૧૦૦૦ શિષ્ય સાથે દીક્ષા અંગીકાર કરી. કાળક્રમે થાવર્ચ્ચા×અણગાર નિર્વાણ પામ્યા.

એકવાર શુક અણગાર શૈલકપુર પધાર્યા. તેમના પ્રતિબોધથી પ્રતિબોધિત બની, શૈલક રાજર્ષિએ મંડુક નામના પુત્રને રાજયગાદી સોંપીને, પોતાના ૫૦૦ મંત્રીઓની સાથે દીક્ષા અંગીકાર કરી. કાળક્રમે તેમના ગુરુ શુકમુનિ નિર્વાણ પામ્યા. ત્યારપછી શૈલકમુનિ ખાજ, દાહજવર, રોગથી પીડિત થઈ ગયા. ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં તેઓ પોતાના ૫૦૦ શિષ્ય સાથે

શૈલકપુર પધાર્યા. મંડુક રાજાએ તેમના રોગની ચિકિત્સા કરાવવા યાનશાળામાં તેઓને રાખ્યા અને ચિકિત્સા કરાવી. ચિકિત્સાથી રોગ કાબૂમાં આવી ગયો પરંતુ ભોજન વગેરેની અનુકૂળતાના કારણે શૈલકમુનિ ત્યાંથી વિહાર કરવાનો વિચાર કરતા ન હતા. ૫૦૦ મુનિઓએ વિહારની વિચારણા કરીને, પૂર્વે રાજાના જે મુખ્યમંત્રી હતા, તેવા એક પંથકમુનિને સેવામાં નિયુક્ત કરી શેષ સર્વ મુનિઓએ ત્યાંથી વિહાર કર્યો. પંથકમુનિ શૈલકમુનિની સેવા કરતાં ત્યાં જ ચાતુર્માસ રહ્યા.

કારતકી ચૌમાસી પાખીના દિવસે પણ શૈલકમુનિ આહારાદિનું સેવન કરી, સુખપૂર્વક સૂતા હતા. તેમને આવશ્યક ક્રિયા કરવાનું પણ ભાન ન હતું. સંધ્યાસમયે પંથકમુનિએ ચૌમાસી પ્રતિક્રમણનો પ્રારંભ કરતા પૂર્વે ગુરુચરણોને મસ્તકથી સ્પર્શ કરી વંદન કર્યા. પંથકમુનિના મસ્તકના સ્પર્શથી તેમની નિંદ્રામાં ભંગ પડયો, તે ક્રોધિત થઈ ગયા. પંથકમુનિએ ક્ષમાપ્રાર્થના કરી અને ચૌમાસી પાખીના પ્રતિક્રમણની આજ્ઞા લેતા ચરણ ઉપર મસ્તક મૂકી, વંદન કર્યાની વાત કહી. ચૌમાસી પાખી સંબંધી વાત સાંભળતાં તેમની ધર્મચેતના જાગી ગઈ. સ્વયંને

અનુકૂળતામાં આસક્ત બની, પ્રમાદી અને શિથિલાચારી બની ગયાનું ભાન થયું. તેણે બીજા જ દિવસે ત્યાંથી વિહાર કર્યો. અન્યત્ર વિચરતાં શિષ્યો પણ તેમની પાસે આવી ગયા. તે બધા મુનિઓ કાલક્રમે નિર્વાણને પામ્યા.

## અધ્યયન ૬ : તુંબડું

આ અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી જીવનનું ભારેપણું અને હળવાપણું સમજાવ્યું છે. ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરસ્વામીને પ્રશ્ન પૂછયો કે જીવ ભારે કેમ થાય છે અને લઘુ–હળવો કેમ થાય છે ? ભગવાને તુંબડાના દૃષ્ટાંતથી સમજાવ્યું કે તુંબડાનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે પરંતુ તેના ઉપર માટીના આઠ લેપ કરવામાં આવે, તો તે ભારે બની જાય છે અને ડૂબી જાય છે. લેપ દૂર થતાં તુંબડું હળવું બની પાણી ઉપર તરવા લાગે છે, તેમ પ્રાણાતિપાત વગેરે પાપના સેવનથી જીવને આઠ કર્મોના લેપ લાગે છે અને જીવ ભારેકર્મી બને છે. તે સંસારસાગરમાં ડૂબી જાય છે. તે કર્મોના લેપ દૂર થતાં જીવ હળવો બની, લોકાગ્રે મોક્ષમાં બિરાજમાન થઈ જાય છે.

આ દૃષ્ટાંત દ્વારા સાધકે સમજવાનું છે કે જીવ

ગમે તેટલો ભારેકર્મી હોય પણ તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠે કર્મોનો ક્ષય કરી, હળવા બની, સિદ્ધ થાય છે. તુંબડાના દષ્ટાંતથી જીવનું ભારેપણું અને – હળવાપણું બતાવ્યું છે, તેથી આ અધ્યયનનું નામ તુંબડું યથાર્થ છે.

## અધ્યયન – ૭ : રોહિણીજ્ઞાત

આ અધ્યયનમાં રોહિણીના જ્ઞાત–દષ્ટાંત દ્વારા સંયમભાવોની વૃદ્ધિની હિતશિક્ષા આપવામાં આવી છે. રાજગૃહ નગરમાં ધન્ય સાર્થવાહ પોતાના ચાર પુત્રો અને ચાર પુત્રવધુઓ સાથે રહેતા હતા. પુત્રવધુની પરીક્ષા કરવા ધન્ય સાર્થવાહે ચારે પુત્રવધુઓને પાંચ–પાંચ ચોખાના દાણા આપતાં કહ્યું કે હું માગું, ત્યારે આ દાણા મને પાછા આપજો.

ઘરમાં કોઠીઓ ભરીને ચોખા છે, માંગશે ત્યારે તેમાંથી આપી દઈશ, તેમ વિચારી મોટી ઉઝિજકા નામની પુત્રવધુએ તે દાણા ફેંકી દીધા. સસરાજીનો આ પ્રસાદ છે, તેમ વિચારી બીજી ભોગવતી નામની પુત્રવધુ તે પાંચ દાણા ખાઈ ગઈ. સસરાજી વ્યવહારકુશળ અને અનુભવી છે, તેઓએ આ પાંચ દાણા આપ્યા છે, તેની

પાછળ કંઈક રહસ્ય હશે, માટે આ દાણાનું રક્ષણ કરવું જોઈએ, તેમ વિચારીને ત્રીજી રક્ષિકા નામની પુત્રવધુએ, તે પાંચ દાણા તિજોરીમાં સુરક્ષિત રૂપે રાખી દીધા. આ પાંચ દાણા જીવનની કસોટી બની શકે, તેના ગૂઢ રહસ્યને સમજી ગયેલી રોહિણી નામની ચોથી નાની પુત્રવધુએ, તે પાંચ દાણા પીયર મોકલાવ્યા અને અલગ વાવવાનું કહેવડાવ્યું. વાવવાથી તે દાણા ઘણા થઈ ગયા અને વરસોવરસ તે દાણાઓ વવાતા કોઠારનાં કોઠાર ભરાઈ ગયા.

પાંચ વર્ષ પછી ધન્યસાર્થવાહે તે દાણા પાછા માંગ્યા ત્યારે પ્રથમ બન્ને પુત્રવધુએ કોઠારમાંથી બીજા દાણા લાવી આપી દીધા, ત્રીજી પુત્રવધુએ સુરક્ષિત રાખેલા તે જ દાણા આપ્યા અને ચોથી પુત્રવધુએ ગાડા ભરી ભરીને સસરાજીને તે દાણા સોંપ્યા.

ધન્યસાર્થવાહે તેમની કસોટી અનુસાર પ્રથમ પુત્રધુને ઘરની સફાઈનું કાર્ય, બીજી પુત્રવધુને રસોઈનું કાર્ય, ત્રીજી પુત્રવધુને આભૂષણો વગેરે મૂલ્યવાન વસ્તુઓ સાચવવાનું અને ચોથી નાની રોહિણી નામની પુત્રવધુને અતિપ્રસન્ન થઈને ઘરનાં વ્યવહારની અને ઘરની ગુપ્ત

વાતોની સર્વ જવાબદારી સોંપી.

જે સાધુ પાંચ મહાવ્રત ગ્રહણ કરી, તેનો ત્યાગ કરે છે, તે પ્રથમ પુત્રવધુની જેમ દુઃખી થાય છે અને બધાની અવગણનાનું પાત્ર બને છે. જે સાધુ પાંચ મહાવ્રતો ગ્રહણ કરી સાંસારિક ભોગ–ઉપભોગને ભોગવવામાં મગ્ન બને છે, તે નિંદાને પાત્ર બની ભવભ્રમણ કરે છે. જે સાધુ પાંચ મહાવ્રતોનું સંરક્ષણ કરે છે, તે પ્રશંસાને પાત્ર બને છે અને મોક્ષગતિને પામે છે. જે સાધુ સંયમનું સંવર્ધન કરે છે, નિર્મળ–નિર્મળતર રૂપે પાલન કરી સંયમનો વિકાસ કરે છે, તે અન્ય સાધકો માટે આદર્શભૂત બની મોક્ષના સુખને પામે છે. સૂત્રકારે ચાર પુત્રવધુઓની કસોટીના ઉદાહરણથી સાધકોને સંયમ જીવનની સાર્થકતા માટે સંયમ પર્યવોની વૃદ્ધિ કરવાનું સૂચન આ અધ્યયન દ્વારા કર્યું છે. રુહ એટલે ઉગવું, ઉગીને વૃદ્ધિ પામતાં વૃક્ષ વગેરેની જેમ મહાવ્રતોનું સંવર્ધન કરવાની હિતશિક્ષા આપતી ચતુર્થ પુત્રવધુના નામે આ અધ્યયનનું 'રોહિણીજ્ઞાત' નામ પ્રસિદ્ધ થયું છે.

## અધ્યયન – ૮ : મલ્લી

આ અધ્યયનમાં ઓગણીસમા તીર્થંકર

મલ્લીનાથ ભગવાનનાં ત્રણ ભવોનું વર્ણન છે.

**મહાબલ રાજાનો પ્રથમ ભવ:** મહાવિદેહક્ષેત્રની વીતશોકા નગરનાં બલરાજા અને ધારીણીદેવીના આત્મજ મહાબલકુમાર હતા. તેનાં છ બાલગોઠીયા મિત્ર હતા. ધર્મઘોષમુનિ પાસેથી ધર્મોપદેશ સાંભળી સાતે મિત્રોએ દીક્ષા અંગીકાર કરી. સાતે મિત્રોએ સંયમી જીવનમાં સમાન તપશ્ચર્યાદિ કરવાનો નિશ્ચય કર્યો પરંતુ બધાથી ચડિયાતા રહેવા માટે મહાબલમુનિ કપટપૂર્વક અન્ય મુનિઓથી વધુ ઉપવાસ કરવા લાગ્યા. આ કપટપૂર્વકનાં આચરણથી તેણે સ્ત્રી નામ–ગોત્રકર્મ×(સ્ત્રીશરીર પ્રાપ્ત થાય તેવું શરીર નામકર્મ અને સ્ત્રી રૂપે પ્રસિદ્ધ થવાય તેવા ગોત્રકર્મનો) બંધ કર્યો. તત્પશ્ચાત્ વીસસ્થાનકની આરાધના દ્વારા તીર્થંકરનામકર્મનો બંધ કર્યો. યથાસમયે સાતે મુનિઓએ અનશનપૂર્વક તે ભવ પૂર્ણ કર્યો.

**દેવલોકનો બીજોભવ** – મહાબલમુનિ વગેરે સાતેય મુનિઓ જયંત નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કર્યું.

**મલ્લીકુમારીનો ત્રીજોભવ** – ત્રીજા ભવમાં મહાબલદેવે ભરતક્ષેત્રમાં મિથિલા નગરમાં કુંભ રાજા અને પ્રભાવતી

રાણીને ત્યાં મલ્લી ભગવતી (પુત્રી) રૂપે જન્મ ધારણ કર્યો. તીર્થંકરનું સ્ત્રીપણે જન્મવું, તે આ અવસર્પિણીકાળની આશ્ચર્યકારી ઘટના (અછેરુ) છે.

છએ મિત્રોએ મલ્લીકુમારીના જન્મ પૂર્વે જ ભિન્ન ભિન્ન દેશોમાં રાજકુમાર રૂપે જન્મ ધારણ કરી લીધો હતો. અવધિજ્ઞાન દ્વારા ભવિષ્યની ઘટના જાણીને મલ્લીકુમારીએ એક ગૃહનિર્માણ કરાવ્યું. તેમાં ગોળાકારમાં છ ઓરડા અને મધ્યમાં એક ઓરડો તૈયાર કરાવ્યો. તે છએ ઓરડામાંથી મધ્યનો રૂમ જોઈ શકાય પણ પરસ્પર ઓરડાવાળા એક બીજાને જોઈ ના શકે, તેવી તેની રચના હતી. મલ્લીકુમારીએ મધ્યનાં ઓરડામાં સુવર્ણની પોતાની પ્રતિમા મૂકાવી અને તેના મસ્તક ઉપર છિદ્ર રખાવ્યું. છિદ્ર દ્વારા તે પ્રતિમામાં રોજ આહારનો એક કવલ નાંખીને, તેઓ તે છિદ્રને પુનઃ ઢાંકણથી ઢાંકી દેતાં. છએ રાજાઓ પૂર્વભવના સ્નેહના કારણે મલ્લીકુમારીનું નામ સાંભળતા જ તેના અનુરાગી બન્યા. (૧) પ્રતિબુદ્ધી રાજા પ્રધાન પાસેથી મલ્લીકુમારીનાં શ્રીદામકાંડ (પુષ્પગુચ્છ)ની વાત સાંભળી મલ્લી પ્રતિ મોહિત બન્યા. (૨) તે સમયે અર્હન્નક નામના શ્રાવક

હતાં. તેઓ જિનપ્રવચન પ્રતિ શ્રધ્ધાવાન હતા. તેઓ દઢ ધર્મી પ્રિયધર્મી હતા. દૂર દેશાવરમાં તેમનો વેપાર ફેલાયેલો હતો. દરિયાઈ માર્ગે તેઓ વેપાર કરતા.

એકવાર તેઓ જહાજમાં કિંમતી માલ ભરી વેપાર અર્થે નીકળ્યા. જહાજ મધદરિયે પહોંચ્યું, ત્યાં અચાનક સમુદ્રમાં તોફાન શરૂ થયું. જહાજ ઘુમરી લેવા લાગ્યું. મોજાઓ દ્વારા પછડાટ ખાવા લાગ્યું. અર્હન્નકશ્રાવક આપત્તિ આવી પડતા, સાગારી સંથારો કરી ધ્યાનમગ્ન બની ગયા. ત્યાં તેની સમક્ષ અંતરિક્ષમાં એક દેવ ઉપસ્થિત થયો. તેણે શ્રાવકને ધમકી આપી કે તું તારા ધર્મને છોડી દે, નહીં તો તારું જહાજ ડુબાડી દઈશ. અર્હન્નકશ્રાવક તે સાંભળી જરા પણ ભયભીત ન થયા, વિચલિત ન થયા. પોતાના ધર્મધ્યાનમાં લીન રહ્યા. દેવે બેવાર ત્રણવાર પોતાની વાતને દોહરાવી. જહાજને ભયંકર પછડાટો ખવડાવી પણ અર્હન્નક લેશમાત્ર ડગ્યા નહીં. ત્યારે દેવે પ્રસન્ન થઈ દિવ્ય કુંડળની બે જોડ ભેટમાં આપી. તેમાંથી એક જોડ અર્હન્નકશ્રાવકે મિથિલા નગરીમાં વેપાર અર્થે ગયા, ત્યારે રાજાને ભેટ આપી અને રાજાએ મલ્લીકુમારીને બોલાવીને તે કુંડળ આપ્યા.

મલ્લીકુમારીના રૂપ લાવણ્ય જોઈ તેઓ વિસ્મય પામ્યા. પોતાના નગરમાં પાછા આવીને તેઓ ચંદ્રચ્છાય રાજાને દિવ્ય કુંડળની બીજી જોડ ભેટ ધરવા ગયા, ત્યારે રાજાએ આ ખેપમાં વિસ્મયકારી શું જોયું ? તેમ પૂછતા, અર્હન્નકે મિથિલાની રાજકુમારી મલ્લીના રૂપલાવણ્યનું વર્ણન કર્યું અને ચંદ્રચ્છાય રાજા અર્હન્નકશ્રાવક પાસેથી મલ્લીકુમારીનું રૂપ વર્ણન સાંભળી તેના પ્રતિ આકર્ષિત થયા. (૩) રુક્મિ રાજા કંચુકી પુરુષ પાસેથી મલ્લીકુમારીના સ્નાનમહોત્સવનું વર્ણન સાંભળી આકર્ષિત થયા. (૪) શંખરાજા મલ્લીકુમારીનું કુંડળ સમું ન કરી શકવાથી દેશનિકાલ પામેલા સોની પાસેથી મલ્લીકુમારીનું વર્ણન સાંભળી મોહિત થયા. (૫) અદીનશત્રુ રાજા ચિત્રલબ્ધિના કારણે મલ્લીકુમારીના પગનો અંગુઠો જોઈ તેનું આબેહૂબ ચિત્ર બનાવવા માટે દેશનિકાલ પામેલા ચિત્રકાર પાસેથી મલ્લીકુમારીનું ચિત્રપટ જોઈ, તેના અનુરાગી થયા. (૬) જિતશત્રુ રાજા મલ્લીકુમારીની દાસી દ્વારા અપમાનિત ચોક્ષા પરિવ્રાજિકા પાસેથી મલ્લીનું વર્ણન સાંભળી તેના પ્રતિ મોહિત થયા.

છએ રાજાઓએ મલ્લીકુમારીને મેળવવા

મિથિલાનગરીને ઘેરીને પડાવ નાંખ્યો. કુંભરાજાએ મલ્લીકુમારીના કહેવાથી છએ રાજાઓને મલ્લીકુમારી આપીશ. તેમ કહી ગુપ્ત રીતે મોહનગૃહના છ ઓરડામાં બેસાડયા. મધ્યના ઓરડામાં રહેલી મલ્લીકુમારીની પ્રતિમાને મલ્લી સમજી તેને નીરખવામાં તેઓ મગ્ન બની ગયા. મલ્લીકુમારીએ પ્રતિમાની પાછળ રહીને મસ્તક ઉપરનું ઢાંકણું ખોલી નાખ્યું, ત્યારે કોહવાયેલા અનાજની દુર્ગંધ ચારેબાજુ પ્રસરી ગઈ. છએ રાજાઓ આ દુર્ગંધથી અકળાઈ ગયા. તે સમયે મલ્લીકુમારીએ છએ રાજાને શરીરની અસારતા સમજાવી, પૂર્વભવનું સ્મરણ કરાવ્યું. જાતિસ્મરણજ્ઞાન થતાં છએ  મિત્રોએ દીક્ષા લેવાનું નક્કી કર્યું. મલ્લીનાથ ભગવાનને દીક્ષા લઈ સાધના દ્વારા ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન,  કેવળદર્શન પ્રાપ્ત કર્યું. અને તીર્થની સ્થાપના કરી, ત્યારપછી છએ મિત્રોએ દીક્ષા લીધી. કાળક્રમે મલ્લીનાથ ભગવાન અને છએ મિત્રો નિર્વાણને પ્રાપ્ત થયા. મલ્લીનાથ ભગવાનના જીવન કવન દ્વારા હિતશિક્ષા પ્રાપ્ત થાય છે કે મોક્ષ માટે ઉત્કૃષ્ટભાવે સાધના કરનારે તે સાધનામાં મનથી પણ માયા-કપટ કરવા નહીં. અહીં મુખ્યપાત્ર મલ્લી હોવાથી

અધ્યયનનું નામ 'મલ્લી' છે.

## અધ્યયન – ૯ : માકંદીય

ચંપાનગરીમાં માકંદી સાર્થવાહના જિનપાલ અને જિનરક્ષિત નામના બે પુત્ર રહેતા હતા. તેઓ દરિયાઈ વ્યાપારી હતા. બારમી વારની દરિયાઈ ખેપના સમયે દરિયાઈ તોફાનમાં તેમનું જહાજ ભાંગી ગયું અને પાટિયાના સહારે બંને ભાઈઓ રત્નદ્વીપ ઉપર પહોંચ્યા. રત્નદ્વીપની રયણા (રત્ના) દેવીએ બંને ભાઈઓને તલવારના સહારે પોતાની સાથે કામભોગ ભોગવવા માટે વિવશ કર્યા અને રયણાદેવી, તે બંને ભાઈઓ સાથે ભોગ ભોગવતી રહેવા લાગી.

એકવાર રયણાદેવીને ઈંદ્રની આજ્ઞાથી લવણ સમુદ્રની સફાઈ કરવા રત્નદ્વીપમાંથી બહાર જવું પડયું. એકલા પડેલા બન્ને ભાઈઓ પૂર્વાદિ દિશાના ઉદ્યાનમાં ફરતાં–ફરતાં દક્ષિણદિશાના ઉદ્યાનમાં પહોંચી ગયા. ત્યાં તેઓએ શૂળી ઉપર ચડાવેલા એક માણસને જોયો અને તેણે વધસ્થાનની આસપાસ હાડકાઓનાં ઢગલાં જોયા. શૂળી પર ચડાવેલા માણસે પોતાની વિતક કથા કહી કે રયણાદેવી તેની સાથે કામ ભોગવતી હતી અને નાનકડા

અપરાધમાં તેને શૂળીએ ચડાવી દીધો છે. રયણાદેવીના હાથમાંથી છૂટવા તે પુરુષે બતાવેલા ઉપાયને સ્વીકારી બંને ભાઈઓએ શૈલક યક્ષની આરાધના કરી, આઠમ, ચૌદશ, અમાવસ્યા, પૂર્ણિમાના દિવસે નિયત સમયે શૈલકયક્ષ પ્રગટ થઈને કહેતા હતા કે 'કોણે તારું, કોણે પાળું (રક્ષણ કરું)'? તેવા કોઈ એક દિવસે બંને ભાઈઓએ પોતાને તારવા અને રક્ષણ કરવાની યક્ષને વિનંતી કરી. યક્ષે શરત કરી કે તમે લવણસમુદ્રના મધ્યમાંથી પસાર થતા હશો, ત્યારે પાપિણી રયણાદેવી કઠોર–કોમળ પ્રતિકૂળ–અનુકૂળ શ્રૃંગારિક વચનોથી તમોને ડગાવવા પ્રયત્ન કરશે, ત્યારે તેના વચનોનો આદર કરશો કે તેના તરફ પાછું વાળીને જોશો, તો તમોને પીઠ ઉપરથી ગબડાવી દઈશ અને તેનો આદર નહીં કરો, તો રયણાદેવીના સકંજામાંથી મુક્ત કરાવીશ. યક્ષની શરત સ્વીકારીને બંને ભાઈઓ અશ્વરૂપધારી યક્ષની પીઠ ઉપર બસી ગયા અને લવણ સમુદ્રને પાર કરવા લાગ્યા.

કાર્ય પૂર્ણ કરીને પાછી ફરેલી રયણાદેવીએ અવધિજ્ઞાનથી બંને ભાઈઓને જતાં જોયા, તે તેની

પાછળ આવી પહોંચી. મોહપૂર્ણસ્હાવભાવથી બંને ભાઈઓને રીઝવવા લાગી, ભોગવેલા ભોગોનું સ્મરણ કરાવવા લાગી. જિનરક્ષિતના પરિણામોમાં મોહભાવ આવતાં યક્ષે શરત પ્રમાણે જિનરક્ષિતને પીઠ ઉપરથી ગબડાવી દીધો અને રયણાદેવીએ તલવાર ઉપર ઝીલી તેના ટુકડેટુકડા કરી, સમુદ્રમાં ફેંકી દીધા. જિનપાલ દૃઢ રહ્યો, તેણે રયણાદેવી સામે જોયું નહિ, તેથી યક્ષે તેને ચંપાનગરીમાં પહોંચાડી દીધો.

જે સાધુ-સાધ્વી પ્રવ્રજિત થઈને કામભોગોનો આશ્રય લે છે, કામભોગોની યાચના કે સ્પૃહા કરે છે, તે લોકમાં નિંદનીય બને છે અને તેની દશા જિનરક્ષિત જેવી થાય છે, જે સાધુ-સાધ્વી દીક્ષા ગ્રહણ કરીને કામભોગોની અભિલાષા કરતા નથી, તે જિનપાલની જેમ સંસારસમુદ્રને પાર કરે છે. માકંદી સાર્થવાહના પુત્રો માકંદીય નામે ઓળખાતા હતા. તે બંને ભાઈઓ આ દૃષ્ટાંતમાં કેન્દ્રસ્થાને છે, તેથી અધ્યયનનું માકંદીય નામ સાર્થક છે.

## અધ્યયન - ૧૦ : ચંદ્રમા

ગૌતમસ્વામીએ જીવની અર્થાત્ જીવના ગુણોની

હાનિ-વૃદ્ધી કેવી રીતે થાય છે ? તેવો ભગવાન મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછ્યો. ઉત્તરમાં ભગવાને ચંદ્રના દૃષ્ટાંતથી સમજાવ્યું કે કૃણપક્ષમાં ચંદ્ર ક્ષીણ થતાં-થતાં અમાસની રાત્રિએ સંપૂર્ણતયા લુપ્ત થઈ જાય છે અને શુકલપક્ષમાં ચંદ્રવૃદ્ધિ પામતાં-પામતાં પૂર્ણિમાની રાત્રિએ પરિપૂર્ણ બને છે. તેમ સંયમ અંગીકાર કરે, ત્યારે સાધુ બીજના ચંદ્ર જેવા હોય છે, ત્યારપછી તપ-સંયમમાં અપ્રમતભાવે ઉત્તરોત્તર પ્રગતિ કરતાં પરિપૂર્ણ ચંદ્રની જેમ યથાખ્યાતચારિત્રવાન અને સર્વજ્ઞ બની જાય છે. સાધુ-સાધ્વી પ્રમાદને વશ બની યતિધર્મનું પાલન ન કરે, વિષયો અને કષાયને આધીન બની જાય, તો ક્ષય પામતા ચંદ્રની જેમ નિસ્તેજ બની જાય, ચારિત્રથી ભ્રષ્ટ બની જાય છે.

કોઈ સાધુ શુકલપક્ષની બીજ જેવા હોય, કોઈ આઠમના ચંદ્ર જેવા હોય છે. ગુણના વિકાસક્ષેત્રે સહુની પ્રગતિ ભિન્ન-ભિન્ન હોય છે. તેમાં કોઈપણ સાધુ નિંદનીય નથી. આ અધ્યયનમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ પામતી કલાઓના આધારે શ્રમણોને ગતિશીલ રહેવાની પ્રેરણા આપી છે, તેથી તેનું નામ 'ચંદ્રમા' છે.

## અધ્યયન – ૧૧ : દાવદ્રવ

આ અધ્યયનમાં સમુદ્રકિનારે ઉગતા દાવદ્રવ નામના વૃક્ષના દૃષ્ટાંતથી વિષયનું પ્રતિપાદન કર્યું છે. દ્વીપના વાયુથી દાવદ્રવના ઘણા વૃક્ષો સમૃદ્ધ થાય છે અને થોડા કરમાય છે. સમુદ્રના વાયુથી દાવદ્રવના ઘણા વૃક્ષો કરમાય છે અને થોડા સમૃદ્ધ રહે છે.

દ્વીપના વાયુના સંસર્ગથી વૃક્ષો સમૃદ્ધ રહે, તેમ સાધર્મિકના વચન સહન કરવાથી મોક્ષમાર્ગની આરાધના થાય છે અને સહન ન કરવાથી વિરાધના થાય છે. સમુદ્રના વાયુના સંસર્ગથી વૃક્ષોની થોડી જ સમૃદ્ધિ થાય છે, તેમ અન્યતીર્થિકોના દુર્વચનો સહન કરવાથી થોડી આરાધના અને સહન ન કરવાથી થોડી વિરાધના થાય છે, યથા (૧) **દેશવિરાધક** – સાધાર્મિકોનાં દુર્વચન સહન કરે, અન્યતીર્થકોના દુર્વચન સહન ન કરે. (૨) **સર્વવિરાધક** – સાધાર્મિકો કે અન્યતીર્થકો કોઈના દુર્વચન સહન ન કરે. (૩) **દેશઆરાધક** – સાધાર્મિકોના દુર્વચન સહન ન કરે, અન્યતીર્થકોના દુર્વચન સહન કરે. (૪) **સર્વઆરાધક** – સાધાર્મિકો અને અન્યતીર્થિકો સર્વના દુર્વચન સહન કરે.

અહીં આરાધકતા-વિરાધકતાનો માપદંડ દુર્વચનની સહિષ્ણતા છે. કોઈ નિંદા કરે, દોષ પ્રગટ કરે, જાતિ-કુલાદિને હીન બતાવી અપમાનિત કરે, કટુ વચનો કહે, તો તે દુર્વચનો સાંભળી ક્ષોભ ન પામે, દુર્વચન કહેનાર પ્રતિ દ્વેષ ન કરે, તે સહિષ્ણુતા છે અને સહન કરે તે જ આરાધક કહેવાય છે. સહિષ્ણુતા આરાધક બનવાનો પ્રધાન ગુણ છે. આરાધક બનવા સમતા કેળવવાની હિતશિક્ષા દાવદ્રવ વૃક્ષનાં આધારે આપી છે, તેથી અધ્યયનનું 'દાવદ્રવ' નામ યથાર્થ×છે.

## અધ્યયન – ૧૨ : ઉદક

ઉદક એટલે પાણી. આ અધ્યયનમાં ગંદા પાણીના દૃષ્ટાંતથી પુદ્‌ગલના પરિણમનનું સ્વરૂપ સમજાવ્યું છે, તેથી અધ્યયનનું નામ 'ઉદક' રાખ્યું છે. ચંપાનગરીમાં જીતશત્રુ રાજા અને સુબુદ્ધિ પ્રધાન રહેતા હતા. સુબુદ્ધિ પ્રધાન જિનધર્મના જાણકાર શ્રાવક હતા, એકવાર જિતશત્રુ રાજાએ ભોજન કર્યા×પછી તે સ્વાદિષ્ટ ભોજનની ખૂબ પ્રશંસા કરી, અન્ય લોકોએ તેમાં સાથ પૂરાવ્યો પણ સુબુદ્ધિએ પ્રશંસા ન કરી. તેનું કારણ પૂછતાં પ્રધાને પુદ્‌ગલદ્રવ્યની પરિવર્તનશીલતા સમજાવી,

પણ તે તત્ત્વ નિરૂપણ રાજાને ગમ્યું નહીં.

ફરી એકવાર રાજા અશ્વક્રીડા કરવા નગરની બહાર નીકળ્યા ત્યાં માર્ગમાં મલિન, ગંદા પાણીની ખાઈ આવી. તેની દુર્ગંધથી રાજા અને અનુચરો ત્રસ્ત થઈ ગયા. નાકને ઢાંકી તેઓએ શીઘ્રગતિએ તે રસ્તો પસાર કર્યો. રાજાએ તે મલિન પાણી પ્રત્યે દ્વેષભાવ પ્રગટ કર્યો. તે સમયે સુબુદ્ધિપ્રધાન તટસ્થ રહ્યા. રાજાએ ખાઈના પાણી સંબંધી તેનો અભિપ્રાય પૂછ્યો. ત્યારે પુદ્ગલપર્યાયની પરિવર્તનશીલતા સમજાવી પણ રાજાને તેના વચન ઉપર શ્રદ્ધા ન થઈ. રાજાએ પ્રધાનને દુરાગ્રહી ન બનવાનું સૂચન કર્યું.

પ્રધાને રાજાને સમજાવવા માટે તે ખાઈનું પાણી મંગાવ્યું અને નવા ગરણાંથી ગાળી, નવા માટીના ઘડામાં ભરાવ્યું. સાત–દિવસ સુધી ઘડામાંથી પાણીને ઝવવા દીધું ઝવેલા તે પાણીને પુનઃ ગળાવી બીજા નવા ઘડામાં ભરાવ્યું. તેમાં સાજીખાર વગેરે દ્રવ્યો નાંખી સાત દિવસ ઝવવા દીધું. આ રીતે કરવાથી તે પાણી શ્રેષ્ઠ, નિર્મળ બની ગયું. તેમાં સુગંધી દ્રવ્યો નાંખી સુસ્વાદુ બનાવ્યું અને તે પાણી રાજાને મોકલાવ્યું. રાજા તે પાણીથી અત્યંત

પ્રસન્ન થયા અને પ્રધાનને પૂછ્યું કે તેણે તે પાણી કયાંથી મેળવ્યું છે ? પ્રધાને સત્ય હકીકત જણાવી અને રાજાએ સ્વયં જલશુદ્ધિનો પ્રયોગ કરાવ્યો. અશુદ્ધ પાણી જ પરિવર્તન પામી શુદ્ધ થાય છે, તે રાજાએ પ્રત્યક્ષ નિહાળ્યું. આ પ્રસંગથી રાજાને સુબુદ્ધિના તથા જિનેશ્વરના વચનમાં શ્રદ્ધાભાવ જાગૃત થયા. સુબુદ્ધિના સમાગમે રાજાએ શ્રાવકવ્રત ગ્રહણ કર્યા× અને કાલાંતરે રાજા અને પ્રધાન બંને સંયમ સ્વીકારી નિર્વાણ પામ્યા.

આ અધ્યયનમાં પુદ્ગલપર્યાયની ક્ષણિક અને પરિવર્તનશીલતાનું દર્શન કરાવી, સાધકોને તેમાં રાગ–દ્વેષના ભાવ ન કરવાનું સૂચન છે.

## અધ્યયન – ૧૩ : દર્દુર

રાજગૃહનગરમાં નંદમણીયાર નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેણે ભગવાન મહાવીરસ્વામી પાસે શ્રાવકના ૧૨ વ્રત અંગીકાર કર્યા. ત્યારપછી કાલક્રમે સંત સમાગમના અભાવમાં તે મિથ્યાદષ્ટિ બની ગયા. એકવાર તેણે અટ્ઠમ પૌષધ કર્યો. અંતિમ રાત્રે પૌષધમાં તેને ખૂબ તરસ લાગી. તેને પાણીના વિચાર આવવા લાગ્યા અને એક મોટી વાવ બનાવવાનો સંકલ્પ કર્યો. બીજા દિવસે

પૌષધમાં લાગેલા અતિચોરોની આલોચના કર્યા×વિના જ તેણે પૌષધવ્રત પૂર્ણ×કર્યું. પૌષધમાં કરેલા સંકલ્પાનુસાર તેણે નંદાવાવ, ઉદ્યાન અને ઉદ્યાનમાં ચિત્રશાળા, ભોજનશાળા, ઔષધાલય અને અલંકારશાળા તૈયાર કરાવી.

લોકો નંદાવાવ અને નંદમણિયાર શેઠની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. પ્રશંસાથી શેઠ તે વાવમાં અતિ આસકત બની ગયા અને કાળક્રમે આયુષ્ય પૂર્ણ×થતાં શેઠ તે વાવમાં જ દેડકા રૂપે ઉત્પન્ન થયા. રાજગૃહનગરમાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. પાણી ભરવા આવતાં લોકો દ્વારા વારંવાર ભગવાન પધાર્યા×છે, તે વાત સાંભળતાં નંદમણિયાર દેડકાને જાતિસ્મરણજ્ઞાન થયું. પ્રભુના ઉપદેશે વ્રત ગ્રહણ, સત્સંગના અભાવે મિથ્યાત્વી બન્યા, પૌષધના અતિચારનું પ્રતિક્રમણ ન કર્યું, વાવ પ્રત્યેની આસકિતના પરિણામે દેડકા રૂપે જન્મ થયો વગેરે દૃષ્યો તાદશ થયા. પશ્ચાતાપ સાથે દેડકાએ ૧૨ વ્રત ધારણ કર્યા અને નિંરતર છઠના પારણે છઠ કરવાનો અભિગહ કયો. એકદા દેડકો ભગવાનનાં દર્શન કરવા નીકળ્યો. તે સમયે શ્રેણિકરાજા પણ ચતુરંગિણી સેના

સાથે પ્રભુના દર્શન કરવા જઈ રહ્યા હતા, ત્યારે એક ઘોડાના પગ નીચે દેડકો ચગદાઈ ગયો. અંતિમ સમય નજીક જાણી દેડકાએ ભગવાનની સાક્ષીએ સંથારો કર્યો×અને મૃત્યુ પામીને પ્રથમ દેવલોકમાં દર્દુરદેવ રૂપે ઉત્પન્ન થયો. તે દર્દુરદેવ ચાર પાલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહક્ષેત્રમાં લઈ જન્મ લઈ દીક્ષા અંગીકાર કરી સિદ્ધ ગતિને પામશે. સત્સંગના અભાવે જીવ મિથ્યાત્વને પામે છે, માટે સદા સંતસમાગમમાં રહેવું, જયાં પ્રીતિ ત્યાં ઉત્પતિ, માટે કયાંય આસક્ત ન થવું. પરોક્ષ પ્રભુના સ્મરણ, શરણથી પણ સદ્ગતિ  મળે છે. આ હિતશિક્ષા આ કથાનક દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રભુદર્શનની ભાવનાથી દર્દુર×દેડકો દેવગતિ પામ્યો, તેથી અધ્યયનનું નામ 'દર્દુર' છે.

## અધ્યયન – ૧૪ : તેતલિપુત્ર

તેતલિપુર નગરમાં કનકરથરાજા અને તેતલિપુત્ર પ્રધાન રહેતા હતા. તેતલિપુત્રે સોની કન્યા પોટ્ટિલા સાથે લગ્ન કર્યા હતા. કનકરથરાજા પોતાના રાજ્યમાં અતિ આસકત હતો. પોતાના પુત્રો રાજ્યસત્તા છિનવી ન લે, તે માટે રાજા જન્મજાત રાજકુંવરોની આંગળી, કાનની

બૂટ વગેરે કોઈ પણ એક અવયવ કપાવી નાંખી, ક્ષત, શરીરવાળા બનાવી દેતો હતો. એકવાર પદ્માવતી રાણીએ પોતાના નવજાત બાળકને ગુપ્ત રીતે તેતલિપુત્ર પ્રધાનને ઉછેર માટે આપી દીધો. તેતલિપુત્ર પ્રધાને તેનું નામ કનકધ્વજ રાખી પુત્રવત્ મોટો કર્યો. કાલક્રમે તેતલિપુત્રને પોટ્ટિલા અપ્રિય બની ગઈ. આર્તધ્યાન કરતી પોટ્ટિલાને સુવ્રતા નામના સાધ્વીજીએ ધર્મોપદેશ આપ્યો. પોટ્ટીલા ધર્મ પ્રત્યે શ્રધ્ધાવાન બની. તેણે શ્રાવિકાના ૧૨ વ્રત અંગીકાર કર્યા. કાલક્રમે પોટ્ટિલા દિક્ષા લેવા તૈયાર થઈ. ત્યારે સંયમના પ્રભાવે દેવલોક પ્રાપ્ત થાય છે, તેથી દેવલોકમાંથી પોતાને પ્રતિબોધિત કરવા આવવાની શરતે તેતલિપુત્રે પોટ્ટિલાને દીક્ષાની આજ્ઞા આપી. પોટ્ટિલા દીક્ષા ગ્રહણ કર્યા પછી તપ અને સંયમની આરાધના દ્વારા દેવરૂપે ઉત્પન્ન થઈ.

કનકરથરાજા મૃત્યુ પામ્યા, ત્યારે એક કનકધ્વજ જ અક્ષત શરીરવાળો રાજકુંવર હતો, તેથી તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. કનકધ્વજરાજા પોતાના પિતા તુલ્ય પ્રધાનનો ખૂબ જ આદર, સત્કાર કરતો હતો. પોટ્ટિલદેવે પૂર્વના વચનાનુસાર તેતલિપુત્રને પ્રતિબોધ

પમાડવા અનેકવિધ પ્રયત્નો કર્યા પરંતુ સુખ, સુવિધા, આદર–સન્માનમાં લીન તેતલિપુત્રને ધર્મમાં જાગૃત કરવા પોટ્ટિલદેવ નિષ્ફળ થતાં હતા. અંતે પોટ્ટિલદેવે કનકધ્વજ રાજાને તેતલિપુત્રથી વિમુક્ત કરી દીધા. તેતલિપુત્ર રાજ્યસભામાં ગયા, ત્યારે કનકધ્વજ રાજાએ આદર સત્કાર ન કર્યો. પ્રજાજનો પણ મુખ ફેરવવા લાગ્યા. આવી ઘોર ઉપેક્ષા અને અપમાનનાં દુઃખથી દુઃખી તેતલિપુત્રે વિષ ભક્ષણ, ગળાફાંસો, ગિરિપતન વગેરે વિવિધ ઉપાયો વડે આત્મહત્યા કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પોટ્ટિલદેવે તે ઉપાયો નાકામીયાબ બનાવી દીધા, તેથી તેતલિપ્રધાન હતાશ અને નિરાશ બની ગયા, ત્યારે દેવે પ્રગટ થઈ ધર્મોપદેશ આપ્યો અને તે પ્રતિબોધિત થયા. તેતલિપુત્રને જાતિસ્મરણજ્ઞાન થયું. તેઓ સ્વયંમેવ દીક્ષિત થયા. પૂર્વભવના ૧૪ પૂર્વના જ્ઞાનના સ્મરણે ૧૪ પૂર્વધર બન્યા સંયમ–તપની આરાધના દ્વારા સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી. માન–સન્માન ધર્મના બાધક તત્ત્વો છે. સાધકે તેનાથી પર રહેવું જોઈએ. સંસારની આસક્તિ ન તૂટે, તો સાધક સાધના માર્ગે ચડી શકતો નથી. તેતલિપુત્ર પ્રધાનના નામે અધ્યયનનું નામ

'તેતલિપુત્ર' છે.

## અધ્યયન – ૧૫ : નંદીફળ

આ અધ્યયનમાં ઈંદ્રિયોના વિષયોની આસક્તિ સંસારભ્રમણ કરાવે છે અને વિષયોની અનાસક્તિ મુક્તિ અપાવે છે, તેનું દિગ્દર્શન નંદીફળવૃક્ષના દૃષ્ટાંતથી કરાવ્યું છે, તેથી અધ્યયનનું નામ નંદીફળ છે.

ચંપાનગરમાં ધન્યસાર્થવાહ રહેતા હતા. એકવાર વિશાળ સાર્થને સાથે લઈ, અનેક નાના વ્યાપારીઓની જવાબદારી પોતાના શિરે લઈ, સર્વની સંગાથે અહિચ્છત્રા નગર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં એક વિશાળ અટવી પાર કરવાની હતી. તે અટવીમાં નંદીફળ નામના મનમોહક પણ ઝેરીલા વૃક્ષો હતા. તે વૃક્ષ, તેના ફળ, ફૂલ, પાન ખાવામાં મીઠા હતા, તેની છાયા શીતળ હતી. પરંતુ તે વૃક્ષોના ફળ, ફૂલ, પાન સર્વ વિષાક્ત હતા. તેની છાયા પણ વિષમય હતી. ધન્યસાર્થવાહે અટવીમાં પ્રવેશતાં પૂર્વે સાર્થને નંદીફળવૃક્ષોની ચેતવણી આપી દીધી.

સાર્થમાંથી કેટલાક લોકો ધન્યસાર્થવાહ ઉપર વિશ્વાસ રાખી નંદીફળના વૃક્ષોથી દૂર રહ્યા અને અટવી

પાર કરી ગયા. કેટલાક લોકોએ તેની વાત ન સ્વીકારી, તેઓએ નંદીફળવૃક્ષોના ફળ ખાધા, છાયામાં સૂતા તેઓને ક્ષણિક આનંદ આવ્યો પરંતુ પરિણામે મૃત્યુને શરણ થયા.

ઈંદ્રિયના વિષયો લોભામણા, મનમોહક હોય છે. પણ તેમાં આસક્ત થનારનું ભવભ્રમણ વધારે છે અને અનાસકત રહેનાર સંસારઅટવીને પાર કરી જાય છે.

## અધ્યયન – ૧૬ : દ્રૌપદી

આ અધ્યયનમાં દ્રૌપદીના મુખ્ય ત્રણ પૂર્વ ભવો અને ભાવિ ભવોનું વર્ણન છે.

**નાગેશ્રીનો ભવ** – ચંપાનગરીમાં સોમ, સોમદત્ત, સોમભૂતિ નામના ત્રણ બ્રાહ્મણ ભાઈઓ આનંદપૂર્વક રહેતા હતા. તેઓ પ્રતિદિન વારાફરતી એક–એક ભાઈને ત્યાં સાથે બેસી ભોજન કરતા હતા. એકવાર સોમને ત્યાં બધા ભોજન કરવાના હતા. સોમની પત્ની નાગેશ્રીએ તુંબડાનું શાક બનાવ્યું પણ તે તુંબડું કડવું ઝેર જેવું હતું. અપયશ અને નિંદાથી બચવા તેણે માસખમણને પારણે પધારેલા ધર્મરૂચિ અણગારના પાત્રમાં તે બધું શાક વહોરાવી દીધું. સ્વસ્થાને આવીને ધર્મરૂચિ અણગારે

ગુરુને શાક બતાવ્યું. ગુરુએ શાક વિષાક્ત છે, તેમ જાણી એકાંતમાં પરઠી દેવા કહ્યું. મુનિએ એક ફોડવું જમીન પર નાંખ્યું, તેની સુગંધથી આકર્ષાયેલી હજારો કીડીઓ ત્યાં આવી અને તે ખાતા જ મૃત્યુ પામી. કરૂણાસિંધુ મુનિએ તે જીવોની દયાથી પ્રેરાઈને પોતે બધું શાક આરોગી ગયા અને સંથારાપૂર્વક દેહનો ત્યાગ કરી, સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

નાગેશ્રીના કુકૃત્યની જાણ થતાં લોકો તેના પર ફિટકાર વરસાવવા લાગ્યા. મુનિની હત્યારી નાગેશ્રીને સોમ બ્રાહ્મણે ઘરમાંથી કાઢી મૂકી. સર્વની અવહેલના પામતી, સોળ મહારોગથી આક્રાંત બની, તે મૃત્યુ પામીને છટ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ. એક-એક નરકમાં બે-બે વાર, વચ્ચે તિર્યંચના ભવ, લાખો એકેન્દ્રિયના, બેઈંદ્રિય આદિના ભવો કરતી દીર્ઘકાળે તે સુકુમાલિકા કન્યા રૂપે જન્મ પામી.

**સુકુમાલિકા કન્યાનો ભવ** – નાગેશ્રીનો જીવ સાગરદત્ત સાર્થવાહ અને તેની પત્ની ભદ્રાને ત્યાં સુકુમાલિકા નામની કન્યા તરીકે જન્મી. સુકુમાલિકા યુવાન થઈ ત્યારે તેના લગ્ન સાગરપુત્ર સાથે કરવામાં આવ્યા. સુકુમાલિકાના

શરીરનો સ્પર્શ તલવાર, શસ્ત્ર, અગ્નિ, જેવો મારક અને દાહક હતો. તેણીનો સ્પર્શ અકાંત, અમનોજ્ઞ હોવાથી લગ્નની રાતે જ સાગરદત્તપુત્રે તેને ત્યજી દીધી. ત્યારપછી તેણીના પિતાએ એક ભિખારી સાથે તેના લગ્ન કરાવ્યા. તેનો સ્પર્શ સહન ન થતાં ભિખારી પણ સુકુમાલિકાનો ત્યાગ કરી, ભાગી ગયો. હતાશ, નિરાશ થયેલી સુકુમાલિકા દાનશાળામાં દાન આપી જીવન વ્યતીત કરવા લાગી. તે સમય દરમ્યાન તે ગોપાલિકા સાધ્વીજીના પરિચયમાં આવી. ધર્મોપદેશ સાંભળી દીક્ષા અંગીકાર કરી સંયમ તપની આરાધના કરવા લાગી.

સુકુમાલિકા સાધ્વી એકવાર ગુરુણીની આજ્ઞા ન હોવા છતાં આતાપના લેવા ઉદ્યાનમાં ગયા. ત્યાં તેણે પાંચ પુરુષ સાથે ક્રીડા કરતી એક ગણિકાને જોઈને પોતાના સંયમ અને તપનું ફળ માંગી લેતાં નિયાણું કર્યું કે સંયમ-તપના ફળ સ્વરૂપે મને પાંચ પતિનું સુખ મળે. ત્યારપછી તે સંયમમાં શિથિલાચારી થઈ ગઈ. આ દોષ સેવનનું પ્રાયશ્ચિત કર્યા×વિના આયુષ્ય પૂર્ણ×કરીને, તે દેવલોકમાં દેવી રૂપે ઉત્પન્ન થઈ અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ×કર્યું.

**દ્રૌપદીનો ભવ** – સુકુમાલિકાદેવીએ દ્રુપદરાજાને ત્યાં ચુલણીરાણીની દ્રૌપદી નામની કન્યા રૂપે જન્મ ધારણ કર્યો. દ્રૌપદી યુવાન થતાં પિતાએ સ્વયંવરની રચના કરી. સ્વયંવર મંડપમાં પૂર્વોક્ત નિયાણાના પ્રભાવે તેણીએ પાંચે પાંડવના ગળામાં વરમાળા પહેરાવી અને તેના વિવાહ પાંચે પાંડવો સાથે થયા.

એકવાર નારદઋષિ પાંડુરાજાના મહેલમાં પધાર્યા. બધાએ તેમનો સત્કાર કર્યો પરંતુ દ્રૌપદીએ તેમનો સત્કાર ન કર્યો. રોષે ભરાયેલા નારદઋષિએ દ્રૌપદીને હેરાન કરવા ધાતકીખંડદ્વીપમાં પદ્મનાભરાજા પાસે જઈને તેના રૂપ-લાવણ્યની પ્રશંસા કરી. આ સાંભળી પદ્મનાભરાજા દ્રૌપદીમાં આસક્ત થયા અને મિત્રદેવ દ્વારા દ્રૌપદીનું હરણ કરાવ્યું. અમરકંકા નગરીમાં અપહરણ દ્વારા લાવવામાં આવેલી દ્રૌપદી પાસે પદ્મનાભ રાજાએ ભોગની યાચના કરી. દ્રૌપદીએ શીલની રક્ષા માટે, સમય વ્યતીત કરવા છ માસની મુદત માંગી અને કહ્યું કે છ માસમાં કૃષ્ણવાસુદેવ મને લેવા નહીં આવે, તો હું તમારી આજ્ઞાનો સ્વીકાર કરીશ.

પાંડુરાજા તથા પાંડવોએ દ્રૌપદીની શોધખોળ

કરી પણ તે ન મળવાથી કુંતીએ પોતાના ભત્રીજા શ્રીકૃષ્ણ વાસુદેવને દ્રૌપદીની શોધખોળમાં પાંડવોને સહાય કરવા તૈયાર કર્યા અને શ્રીકૃષ્ણે નારદઋષિ દ્વારા દ્રૌપદીના સમાચાર મેળવ્યા. શ્રીકૃષ્ણવાસુદેવે લવણસમુદ્ર પાર કરવા સુસ્થિત દેવની આરાધના કરી, પાંચ પાંડવો સહિત છ રથને લવણસમુદ્રથી નીકળવા માટે દેવે માર્ગ×કરી આપ્યો. તેઓ ધાતકીખંડદ્વીપની અમરકંકા નગરીમાં પહોંચી ગયા.

પ્રથમ પાંચ પાંડવોએ યુદ્ધ કર્યુંદ પણ તેઓ પદ્માનાભરાજાને જીતી ન શકયા, ત્યારે શ્રીકૃષ્ણે પદ્માનાભ રાજાને હરાવ્યો અને દ્રૌપદીને લઈને જંબૂદ્વીપમાં આવ્યા. કાળક્રમે પાંચે પાંડવોએ સ્થવિરમુનિ પાસે અને દ્રૌપદીએ સુવ્રતા સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી. તે સમયે ભગવાન નેમનાથ સૌરાષ્ટ્રની ભૂમિ પર વિચરી રહ્યા હતા. પાંચે પાંડવમુનિઓને ભગવાનના દર્શન કરવાના ભાવ જાગૃત થયા. ગુરુ ભગવંતની આજ્ઞા લઈ માસખમણના પારણે માસખમણ કરતાં સૌરાષ્ટ્ર તરફ વિહાર કર્યો. એક માસખમણના પારણાના દિવસે ગોચરી માટે ગયા, ત્યાં લોકો પાસેથી નેમનાથ પ્રભુના

નિર્વાણ પામ્યાના સમાચાર મળતાં, તેઓએ ગ્રહણ કરેલા આહારને પરઠી દીધો અને શેત્રુંજય પર્વત ઉપર ચઢી, સંથારો કરી, સિદ્ધગતિને પામ્યા. દ્રૌપદી સાધ્વી સંથારો કરી, દેવગતિને પામ્યા અને મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

## અધ્યયન – ૧૭ : આકીર્ણ

આ અધ્યયનમાં આકીર્ણ એટલે જાતિવાન અશ્વના દૃષ્ટાંતથી વિષયનું પ્રતિપાદન છે. હસ્તશીર્ષ નગરનાં દરિયાઈ સોદાગરો સમુદ્ર માર્ગે વેપાર કરવા કાલિકદ્વીપમાં ગયા. ત્યાં તેઓએ આશ્ચર્યકારી ઘણા અશ્વો જોયા. નગરનાં રાજા કનકકેતુએ અશ્વોની વાત જાણી. રાજાએ રાજસેવકોને ઉત્તમ જાતિના અશ્વો લેવા કાલિકદ્વીપમાં મોકલ્યા.

રાજસેવકોએ મનોજ્ઞ ખાદ્ય પદાર્થો, પેય પદાર્થો, વાજિંત્રના સુરો અને પાંચેય ઈંદ્રીયના સુખદાયી પદાર્થો તથા અશ્વોને પકડવા જાળ, પાશ વગેરે ચારેબાજુ ગોઠવી દીધા, કેટલાક અશ્વો ત્યાંથી ભાગી ગયા. તે અશ્વોની સ્વતંત્રતા જળવાઈ રહી. કેટલાક અશ્વો ખાદ્ય પદાર્થોxખાવા-પીવા, જોવામાં લુબ્ધ બન્યા, તે અશ્વો

બંધનમાં ઝકડાઈ ગયાં. તેઓને ચાબુકનો માર તથા અન્ય અનેક કષ્ટો સહન કરવા પડયા. તેઓનું સ્વાધીનતાનું સુખ નાશ પામ્યું.

જે શ્રમણો યતિધર્મના આશ્રયે રહે છે, વિષયોમાં આસક્ત થતાં નથી. તે દૂર ભાગી ગયેલા અશ્વોની જેમ સ્વતંત્રપણે સુખપૂર્વક વિચરે છે અને જે શ્રમણો વિષયોમાં આસક્ત બની યતિધર્મનો આશ્રય છોડી દે છે, તે બંધનમાં આવેલા અશ્વોની જેમ બંધ, વધ આદિ દુઃખોને પામે છે. આ અધ્યયનમાં જાતિવાન અશ્વોની પ્રધાનતા હોવાથી અધ્યયનનું 'આર્કીણ' નામ યથાર્થ છે.

## અધ્યયન – ૧૮ : સુંસુમા

રાજગૃહનગરમાં ધન્યસાર્થવાહ અને ભદ્રા સાર્થવાહી પોતાના પાંચ પુત્રો અને એક પુત્રી સુંસુમા (સુષ્મા)સાથે રહેતા હતા. સુંસુમાને સાચવવા ચિલાત નામનો દાસપુત્ર હતો. તે સુંસુમાને રમાડવા બહાર લઈ જતો હતો. ત્યાં અન્ય બાળકોની સાથે તે રમવા બેસી જતો, તે બાળકોની કોડી, લખોટી વગેરે ચોરી લેતો. ચિલાતની ફરિયાદથી કંટાળી ધન્યસાર્થવાહે તેને રજા આપી દીધી. ત્યારપછી ચિલાત દુર્વ્યસની અને સ્વચ્છંદી

બની ગયો. વિજયચોરના આશ્રયે ચોરી કરવાની કળામાં પ્રવીણ થઈ ગયો. કાળક્રમે તે ચોરપલ્લીનો સેનાપતિ બની ગયો. એકવાર ૫૦૦ ચોર સાથે ધન્યસાર્થવાહના ઘેર ધાડ પાડી. અન્ય ચોરો ઝવેરાતને અને ચિલાત સુંસુમાને ઉપાડીને ભાગ્યો.

ધન્યસાર્થવાહે પોતાના પુત્રો તથા નગરરક્ષકો સાથે ચોરનો પીછો કર્યો, પણ ચિલાત હાથમાં ન આવ્યો. તે સુંસુમાને ખંભે નાંખી જંગલમાં ભાગી ગયો. નગરરક્ષકો ત્યાંથી પાછા ફરી ગયા, પણ પિતા-પુત્ર પ્રાણપ્યારી પુત્રીને પાછી લાવવા ગાઢ જંગલમાં પ્રવેશ્યા. ચિલાત સુંસુમાને ઉપાડવા અસમર્થ થયો, ત્યારે સુંસુમાનો વધ કરી ધડને ત્યાં જ રહેવા દઈ મસ્તકને હાથમાં લઈ દોડતો રહ્યો, અંતે ભૂખ તરસથી જંગલમાં મૃત્યુ પામ્યો.

પિતા-પુત્ર સુંસુમાના ધડને જોઈને આક્રંદ કરવા લાગ્યા. ગાઢ અટવીમાં દિવસોનો રખડપાટ અને આહાર-પાણી ન મળવાથી બધાના પ્રાણ જવાની શક્યતા જોઈ, પિતાએ પોતાને મારી પુત્રોને પ્રાણ ટકાવવા કહ્યું. દરેક પુત્રોએ પિતા અને અન્ય ભાઈઓનાં પ્રાણ ટકાવવા પોતાને મારી નાંખવાની વિનંતી કરી. અંતે

મૃતપ્રાયઃ સુંસુમાના લોહી–માંસથી પિતા–પુત્રોએ પોતાના પ્રાણ બચાવ્યા અને નગરમાં પહોંચ્યા.

આ પ્રકારના આહાર સમયે પિતા–પુત્રના મનમાં અંશમાત્ર આસક્તિના ભાવ ન હોય, આહારમાં આનંદ ન હોય, તે જ રીતે સાધુએ શરીરને ટકાવવા અનાસક્ત ભાવે આહાર કરવો જોઈએ. સુંસુમામાં આસક્ત ચિલાતની જેમ વિષયાસાક્ત જીવો ભવ અટવીમાં દુઃખને પ્રાપ્ત થાય છે.

આ અધ્યયનમાં સુંસુમાના પાત્રની પ્રધાનતા હોવાથી તેનું નામ 'સુંસમા' છે.

## અધ્ધયન – ૧૯ : પુંડરીક

આ અધ્યયનમાં પુંડરીક–કુંડરીક નામના બે ભાઈઓનું જીવન વર્ણન છે. આરાધકપણાની અપેક્ષાએ પુંડરીકના પાત્રની પ્રધાનતા હોવાથી અધ્યયનનું નામ પુંડરીક છે.

મહાવિદેહક્ષેત્રની પુષ્કલાવતી વિજયમાં મહાપદ્મ રાજા અને પદ્માવતીરાણીને પુંડરીક અને કુંડરીક નામના બે રાજકુમારો હતા. માતા–પિતાના સંયમ ગ્રહણ પછી પુંડરીક રાજગાદી ઉપર આવ્યો. કુંડરીકને યુવરાજપદ

આપ્યું. સ્થવિરમુનિના ઉપદેશથી કુંડરીકને વૈરાગ્યભાવ જાગૃત થયો. મોટાભાઈની આજ્ઞા લઈ કુંડરીકે દીક્ષા ગ્રહણ કરી.

લુખા–સુકા, આંત–પ્રાંત, આહારના કારણે કુંડરીકમુનીને દાહજ્વરની બિમારી થઈ. એકદા મુનિરાજ પુંડરીકિણી નગરમાં પધાર્યા. કુંડરિકમુનિને વ્યાધિગ્રસ્ત જોઈને નિર્દોષ ઉપચાર કરાવવા પુંડરિક રાજાએ મુનિરાજને વિનંતી કરી અને પોતાની યાનશાળામાં કુંડરીકમુનિને રાખીને ઔષધોપચાર કરાવ્યા. મુનિ ધીરે–ધીરે સ્વસ્થ બની ગયા પરંતુ અનુકૂળ સંયોગો અને પરિચિત વિષયોમાં આસક્ત બની ગયા, તેથી કુંડરિકમુનિ સ્થવિરમુનિઓ સાથે વિહાર કરવા તૈયાર ન થયા. તે સમયે પુંડરિકરાજાએ તેના સંયમજીવનને ધન્યવાદ આપી, વિહાર કરવાની ફરજ પાડી.

કુંડરીકમુનિએ વિહાર તો કર્યો પરંતુ હવે તેનું મન સંયમમાં સ્થિર ન થયું, તેનું મન વિષયોને ઝંખતું હતું. તેઓ ગચ્છને છોડી પુંડરીકિણી નગરીમાં આવી ગયા. તેમનું મન ભોગને ઈચ્છે છે, તેવું જાણી પુંડરીકરાજાએ રાજ્યગાદી તેને સોંપી દીધી અને તેનો

વેશ, સાધુજીવનનાં ઉપકરણો પોતે ગ્રહણ કરી લીધા. સંયમ અંગીકાર કરી સ્થવિર મુનીઓ પાસે પહોંચી ગયા.

કુંડરીક આહાર અને અંતઃપુર આદિમાં આસક્ત બની, સાતમી નરકમાં ઉત્પન્ન થયા. અને પુંડરીકમુનિ નિર્દોષ, લુખા-સુકા, આહારને અનાસક્ત ભાવે આરોગી તપ સંયમમાં લીન રહેતા, દાહજ્વરની વ્યાધિથી ગ્રસ્ત થયા, ત્યારે અનશનની આરાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

જે શ્રમણો દીક્ષિત થઈને માનવીય કામભોગની ઈચ્છા કરે છે, તેઓ કુંડરીકરાજાની જેમ સંસારમાં પુનઃ પુનઃ ભ્રમણ કરે છે અને જે શ્રમણો મનુષ્ય સંબંધી કામ ભોગમાં આસક્ત થતા નથી, તે પૂજનીય, અર્ચનીય બને છે. પરલોકમાં તર્જના, પીડા પામતા નથી અને અંતે પુંડરીકમુનિની જેમ સંસારને પાર કરી જાય છે.

## બીજો શ્રુતસ્કંધ :

### વર્ગ ૧ થી ૧૦

આ બીજા શ્રુતસ્કંધમાં ચારે જાતિના દેવોના ૬૪ ઈંદ્રોની ૨૦૬ ઈંદ્રાણીઓનાં પૂર્વભવના જીવનનું વર્ણન છે.

૧ થી ૪ વર્ગમાં ભવનપતિ દેવોના ૨૦ ઈંદ્રોની ૧૧૮ ઈંદ્રાણીઓનું, ૫-૬ વર્ગમાં વાણવ્યંતર દેવોના ૧૬ ઈંદ્રોની×૬૪ ઈંદ્રાણીઓનું, ૭-૮ વર્ગમાં જ્યોતિષ્ક દેવોના ૨ ઈંદ્રોની ૮ ઈંદ્રાણીઓનું ૯-૧૦ વર્ગમાં વૈમાનિકદેવોના ૨ ઈંદ્રોની ૧૬ ઈંદ્રાણીઓનું, આ રીતે કુલ ૨૦૬ ઈંદ્રાણીઓનાં પૂર્વભવનું વર્ણન છે.

તે સર્વ ઈંદ્રાણીઓ પૂર્વભવમાં શ્રેષ્ઠી કન્યાઓ હતી. તેઓએ મોટી ઉંમરે અવિવાહિત કન્યા રૂપે પાર્શ્વનાથ ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી, પુષ્પચુલા આર્યા પાસે શિક્ષા પ્રાપ્ત કરી, અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું. વિવિધ પ્રકારનાં તપથી આત્માને ભાવિત કરતા કાલક્રમે તેઓ શરીરબકુશા અર્થાત હાથ-પગ, શરીરાવયવ ધોવા આદિ કાર્યથી સંયમમાં શિથિલ બની ગઈ. ગુરુણીને છોડી અલગ એકાકી નિવાસ કરી, સંયમ-વિરાધના કરીને તેની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના કાલક્રમે ૧૫ દિવસનો સંથારો કરી આયુષ્ય પૂર્ણ કરી ઈંદ્રાણીઓ (દેવી) રૂપે ઉત્પન્ન થઈ છે. તેનું વર્ણન આ શ્રુતસ્કંધનાં ૧૦ વર્ગના, ૨૦૬ અધ્યયન રૂપે કરવામાં આવ્યું છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** – 9825193988

◆ કિંમતઃ રૂ. 300/- ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-